# હોળી કાઉન્ટ ડાઉન : વૈદિક રીતે હોળી પર્વ ઉજવીએ

## વૈદિક હોળી મનાવવામાં આવે તો અસંખ્ય રોગોમાંથી મુક્તિ મળશે, વાતાવરણ પવિત્ર બનશે, વાતાવરણમાં રહેલી નકારાત્મક ઉર્જાનો પણ નાશ થશે ને હકારાત્મક ઉર્જાનો વાતાવરણમાં વાસ થશે







ગાંધીનગર, તા.૨૪

શિયાળો પૂરો થવાનો અને ઉનાળો શરૂ થવાનો આ સમય છે.એટલે ડબલ સીઝનનો ગાળો હોય છે. આ સમયે ઘણા લોકો તાવ અને શરદી-ઉધરસથી પીડાય છે, જેને શીત-જ્વર પણ કહેવામાં આવે છે. મોટાભાગના લોકોનું સ્વાસ્થ્ય કથળતું હોય છે.

આથી એકદમ ઠંડા વાતાવરણમાં ગરમી લાવવા માટે દરેક જગ્યાએ એક દિવસે હોળીકા દહન કરવામાં આવે છે. સાર્વજનિક રીતે વૈદિક હોળીમાં થતી વિવિધ આહુતી અને હોળીની પ્રદક્ષિણા કરવાથી શરીરના ઘણાં બધાં રોગ મટે છે.

હોળીના તહેવારના મૂળમાં સ્વાસ્થ્યપ્રદ જીવનપ્રણાલી અને સતત વધતી મનની ખુશી છે, હાલમાં લોકો જે હોળી ઉજવે છે તે સાવ જ અવૈદિક અને બિન-સાંસ્કૃતિક છે. એના માટે દર વર્ષે સોસાયટીઓમાં વૃક્ષો કાપીને લાકડાઓ બાળીને પરિક્રમા કરવામાં આવે છે તે કોઈપણ પ્રકારે વૈદિક ઉત્સવ ન ગણી શકાય.

જો આખા દેશમાં હોળીકા દહન એક તિથીએ, એક સમયે અને એક જ દિવસે મનાવવામાં આવે તો તેનાથી અઢળક ફાયદા થાય છે. તેનાથી વાતાવરણમાં રહેલા ઘણા બધા વાઈરસનો નાશ થશે અને લોકો રોગમાથી મુક્ત રહી શકશે. તેને અંગ્રેજીમાં ‘‘માસ ફ્યુમિગેશન’’ પણ કહેવામા આવે છે.

સંધ્યાકાળમાં વસંતઋતુમાં ખૂબ જ હાનિકારક પ્રકારના વાયરસ વાતાવરણમાં ફરતા હોય છે, ખાસ કરીને સંધ્યાકાળ દરમ્યાન. વૈદિક પધ્ધતિથી હોળી મનાવવામાં આવે તો સામાન્ય વાયરસની સાથે સાથે જીકા અને સ્વાયનફ્લૂ વગેરે જેવા કેટલાય પ્રકારના વાયરસનો નાશ થાય છે. ઉપરાંત, કફ ને શરદી જેવા રોગોના વાયરસ વાતાવરણમાં રહેલ વાયુને કારણે જ વધુ ફેલાય છે. જો આપણે વૈદિક રીતે એકસાથે હોળી મનાવીએ તો આ આ રોગ ઉપરાંત ઘણા બધા રોગોમાંથી આપણને મુક્તિ મળી શકે છે. સાર્વજનિક રીતે જો જોઈએ તો વૈદિક હોળીમાં થતી વિવિધ આહુતી અને હોળીની પ્રદક્ષિણા કરવાથી શરીરના ઘણા બધા રોગ મટે છે. ઉપરાંત ઘણી બધી વસ્તુ અને ધાતુઓનો ઉપયોગ હોલિકા દહનમાં કરવામાં આવે છે. જે બધુ જ હોલિકા દહન દ્વારા હવામાં પ્રસરે છે અને અશુદ્ધ હવાને શુદ્ધ કરવાનું કામ કરે છે. જે માનવજીવન માટે ખૂબ જ મહત્વનુ છે અને સાથે સાથે ફાયદાકારક પણ છે.

### હોળીકા દહન બાબતે શાસ્ત્રમાં શું જણાવવામાં આવ્યું છે ?

હોળીકા દહનમાં કયાંય લાકડાનો ઉપયોગ કરીને હોળીકા દહનનો ઉલ્લેખ જ નથી. હોલિકા દહન માટે ગાયના પોદળાનું બનેલું સૂકું છાણ, સૂકા નાળિયેર, આહુતી માટે ગાયનું શુદ્ધ ઘી, કેસર, જાયફળ, જાવંત્રી, લવિંગ, એલચી, તમાલપત્ર, તજ, સૂકામેવા, ગૂગળ, સફેદ ચંદન અને કપૂર વગેરે જેવી પવિત્ર વસ્તુઓનો ઉપયોગ કરીને હોળીકા દહન કરવાનું જણાવવામાં આવ્યું છે.

### વૈદિક હોળીથી બચશે વૃક્ષો :

વૃક્ષો બચાવવા અને વૃક્ષો વાવવા એ અત્યારની પરિસ્થિતી જોતાં ખૂબ જ જરૂરી છે. જે પ્રમાણમાં વૃક્ષ વાવવામાં નથી આવતા એટલા પ્રમાણમાં વૃક્ષો કાપવામાં આવે છે. જે પ્રમાણમાં વૃક્ષો વાવવામાં આવે છે એ પ્રમાણે વૃક્ષો વધતાં પણ નથીપએટલે કે જો ૧૫૦ વૃક્ષ વાવવામાં આવે તો માત્ર ૫ વૃક્ષ જ મોટા થાય છે. કેમકે વૃક્ષોના લાકડાનો ઉપયોગ ફર્નિચર, બળતણ અને અન્ય ઉપયોગ માટે કરવામાં આવે છે. અને, જો એક કિલો લાકડું બળે છે તો એમાંથી ખૂબ જ વધારે પ્રમાણમાં કાર્બન ડાયોક્સાઈડ ઉત્પન થશે. જો આખા ભારતમાં લાકડાનો ઉપયોગ કરીને હોળીકા દહન કરવામાં આવશે તો લાખો કિલો કાર્બન ડાયોક્સાઈડ ઉત્પન્ન થશે, જેને દૂર કરવા ઑક્સીજન વાયુની જરૂર પડશે અને જે આપણને વૃક્ષો પાસેથી જ મળતું હોય છે! માટે, હોળીકા દહનમાં આપણાં શાસ્ત્રોએ ક્યાંય લાકડાનો ઉપયોગ કરીને હોળીકા દહનનું કહ્યું જ નથી! પરંતુ હોલિકા દહન માટે ગાયના પોદળાનું બનેલું સૂકું છાણ, સૂકા નાળિયેર, આહુતી માટે ગાયનું શુદ્ધ ઘી, કપૂર વગેરે જેવી પવિત્ર વસ્તુઓનો ઉપયોગ કરીને હોળીકા દહન કરવું – એવું કહેવામાં આવ્યું છે. જેના કારણે ગાયના ઘી અને છાણમાં રહેલ તત્વો અને જે જે પવિત્ર વસ્તુઓ છે તેના તત્વો હવામાં ફેલાઈને હવાને શુદ્ધ કરશે અને વાતાવરણ રોગ મુક્ત કરશે જેના કારણે કોઈપણ વ્યક્તિ રોગો નો શિકાર નહીં બને. ગાયના છાણને ઘી સાથે બાળવાથી તેનું સંયોજન થાય છે અને તેના દ્વારા વાતાવરણમાં રહેલ ખરાબ પ્રકારના જીવાણુનો નાશ થાય છે. તેમજ, હિન્દુ સંસ્કૃતિમાં ગાયને માતાનું સ્વરૂપ કહેવામા આવ્યું છે કે જેમાં ૩૩ દેવતાઓનો વાસ છે. માટે, ધાર્મિક રીતે ગાયમાતાનું પ્રભુત્વ વધશે અને ગાયોના સંરક્ષણ પર પણ વધારે ધ્યાન આપવામાં આવશે.

### ગૌ સંરક્ષણ વધશે :

જેમ દાળમાં એક ચપટી ઘી નાખવામાં આવે તો દાળના ટેસ્ટમાં વધારો થાય છે અને જેમ અગ્નિમાં એક ચપટી મરચું નાખવાથી આખા વાતાવરણમાં મરચાની અસર થશે, એમ જ વૈદિક રીતે હોલિકાદહન કરવાથી અને તેમાં પવિત્ર વસ્તુઓનો ઉપયોગ કરવાથી તથા ગાયના શુધ્ધ ઘી જેવી વસ્તુની આહુતી આપવાથી તેની સીધી જ અસર વાતાવરણને થતી હોય છે. આખું વાતાવરણ પવિત્ર બને છે અને વાયરસ મુક્ત થાય છે. ગાયના છાણમાં એક પ્રકારની શક્તિનો સ્રોત છે, માટે જ ગાયના છાણના છાણાંનો યજ્ઞમાં ઉપયોગ કરવામાં આવતો હતો. જેના કારણે ગાયની રક્ષા કરવામાં આવતી હતી. આરોગ્યની દૃષ્ટિએ પણ ગાયના દૂધનું મહત્વ અનેરું છે. સમાજમાં પવિત્રમાં પવિત્ર જો કોઈ વસ્તુ માનવમાં આવે છે તો એ છે ગૌ મૂત્ર અને ગંગા જળ. આ બધા મહત્વના લીધે લોકો ગાયને સાચવશે. જે ગાય દૂધ નથી આપતી તેને તેના છાણ, ગૌમૂત્રના મહત્વના કારણે સાચવવામાં આવશે ને તે ગાય કતલખાનાનો ભોગ નહી બને.

# શનિવારે સે.૪ વસાહતી વણકર સમાજનો પ્રથમ જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૨૪

શહેરમાં વિવિધ સમાજ જ્ઞાતિઓના સામુહિક મંડળો કે સંગઠનો ચાલી રહ્યાં છે જેનો ઉદ્દેશ તેમના સમાજ કે જ્ઞાતિમાં સામાજિક સંબંધો વધુ મજબૂત થાય અને એકતા વધવા સાથે સુમેળતા અને સંવાદિતતા જળવાઈ રહે તેમજ સમાજ કે જ્ઞાતિના નબળા પરિવારોને તેમના સામાજિક પ્રસંગોના આયોજનોમાં સામુહિક આયોજનો જેવી સમાજ-જ્ઞાતિની હૂંફ મળે તે હોય છે. ગાંધીનગરના સેક્ટર ૪ વસાહતી વણકર સમાજ દ્વારા તારીખ ૨૫મી ફેબ્રુઆરી શનિવારના રોજ સેક્ટર-૭ લગ્નવાડી ખાતે વણકર સમાજના યુવક યુવતીઓ માટે પ્રથમ જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જીવનસાથી પસંદગી મેળામાં સમગ્ર ગુજરાત રાજ્યના વણકર સમાજના ૨૩૯ યુવક -યુવતીઓ ભાગ લઈ રહ્યા છે. જીવનસાથી પસંદગી મેળામાં ભાગ લઈ રહેલા યુવક-યુવતીઓ અને તેમના વાલીઓ સહીત અંદાજે ૭૫૦થી વધુ મુલાકાતીઓ પધારવાના છે, તેઓના માટે ભોજનની પણ વ્યવસ્થા સમાજ દ્વારા કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સેક્ટર ૪ વસાહતી વણકર સમાજ દ્વારા સૌપ્રથમવાર આ પ્રકારના જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે જે તેમના સમાજના યુવક-યુવતીઓને પોતાને મનપસંદ અને યોગ્ય જીવનસાથી મેળવવામાં મદદરૂપ નીવડે તે માટેના પ્રયાસરૂપે છે.

# ઓલ ઈન્ડિયા ઈન્ટર સાઈ હેન્ડબોલ ટુર્નામેન્ટનો પ્રારંભ



ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના સેકટર-૧૫ ખાતેના સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના એનસીઓઈના પ્રાદેશિક કેન્દ્ર દ્વારા તા.૨૪થી ૨૬ ફેબ્રુઆરી દરમિયાન ઓલ ઈન્ડિયા ઈન્ટર સાઈ હેન્ડબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટનો આજે મલ્ટીપર્પઝ ટ્રેનિંગ હોલમાં ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે પોલીસ અધિકારીઓ મયુર ચાવડા અને પાર્થરાજસિંહ ગોહિલ અનેવસાઈ ગાંધીનગરના ડાયરેક્ટર મણિકાંત શર્મા ઉપસ્થિત રહ્યાં હતા. આ ટુર્નામેન્ટમાં ભારતભરમાંથી કુલ ૧૭ ટીમોએ ભાગ લીધો છે જેથી ટુર્નામેન્ટ રોમાંચક બની જવા પામી છે.

# એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલમાં ૩૩મો વાર્ષિક ઉત્સવ



ગાંધીનગર, તા. ૨૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલમાં ૩૩મો વાર્ષિક ઉત્સવ તારીખ ૨૧-૨-૨૩ને મંગળવારના રોજ સંસ્થાની મહિલા કોલેજના હોલમાં યોજાયો હતો.

જેમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા તથા સંસ્થાના કુમાર બાલમંદિરના દાતા વિઠ્ઠલભાઈ એમ. પટેલ તથા સૂચિ પટેલ તથા શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની સબાના મન્સુરી ઉપસ્થિત રહેલ. અમારા સાંસ્કૃતિક કાર્યક્રમની મુખ્ય થીમ મિત્રતા હતી. જેમાં શાળાની ૨૮૦ જેટલી વિદ્યાર્થી બહેનોએ ‘પ્રાર્થના, કૃષ્ણ સુદામા ડ્રામા, કવાલી, સાચો મિત્ર વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યા હતા. વાર્ષિક ઉત્સવમાં ૨૦ કરતા વધારે બાળાઓ અલગ અલગ અભ્યાસ પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો જેમાં જિલ્લાકક્ષા, રાજ્યકક્ષા અને રાષ્ટ્રીયકક્ષા ક્ષેત્રનો નંબર પ્રાપ્ત કરવા બદલ વિદ્યાર્થી બહેનોને પ્રોત્સાહન માટે ઈનામ આપેલ અને સર્ટિફિકેટ જેવી વ્યવસ્થા કરવામાં આવી. શાળાના આચાર્ય નીરૂબેન પટેલ ઉપસ્થિત રહી સ્વાગતવિધિ કરી તથા સંસ્થાનો પરિચય આપ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષક ચંદ્રકાંતભાઈ પટેલે કર્યુ હતુ.

# સરકારી વાણિજ્ય કોલેજ ખાતે યુથ પાર્લામેન્ટ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૨૪

નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા આયોજીત જિલ્લા કક્ષાનો "યુથ પાર્લામેન્ટ" કાર્યક્રમમાં સરકારી વાણિજ્ય કોલેજ,સેકટર-૧૫ ખાતે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહીને યુવાનો સાથે સંવાદ કર્યો હતો.

મેયર એ જણાવ્યું હતું કે યુથ પાર્લામેન્ટ એ યુવાઓને સશક્ત લોકતંત્રના નિર્માણમાં યોગદાન આપવા માટે પ્રેરણા આપતું ઉત્તમ માધ્યમ છે.

આ કાર્યક્રમમાં રાજ્યસભાના સાંસદશ્રી જુગલજી ઠાકોર, નહેરુ યુવા કેન્દ્રના સ્ટેટ ડાયરેક્ટર, જિલ્લા યુવા અધિકારી, પ્રિન્સિપાલ તેમજ મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# અસ્મિતા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૨૪

અસ્મિતા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આગામી માર્ચ મહિનામાં તા. ૩/૪, શનિવારના રોજ બ્લડ ડોનેશન કેમ્પ તેમજ મા અમૃતકાર્ડ નોંધણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. ઓછી આવક ધરાવતા વાલીના યુવક-યુવતીઓએ, આધારકાર્ડ, પાનકાર્ડ, રેશનકાર્ડ અને વાલીની આવકના દાખલાની ઝેરોક્ષ સાથે સંસ્થાના કાર્યાલય ખાતે ડૉ. ભાસ્કર શુકલ૯૪૨૬૫૨૫૦૪૫નો સંપર્ક કરવા જણાવ્યુ હતુ.

# રવિવારે રાંદેસણ ખાતે નિઃશુલ્ક મેડિકલ કેમ્પ

ગાંધીનગર, તા.૨૪

ઊર્જાનગર-૧, રાંદેસણ, ગાંધીનગર ખાતે ગાંધીનગરની પ્રથમ હિન્દી વેબ ન્યુઝ ચેનલ "તસ્વીરે ગાંધીનગર" દ્વારા તેમજ ઈન્ડીયન રેડક્રોસ અને રોટરી કલબ ઓફ કેપિટલ ગાંધીનગરના સહયોગથી તારીખ ૨૬ ફેબ્રુઆરી રવિવારે સવારે ૯ થી ૧૨ કલાક દરમ્યાન નિશુલ્ક મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યાં બાળરોગ નિષ્ણાત ડૉ સતીષ પરમાર, ડેન્ટિસ ડૉ કુશાન ઝીંઝુવાડીયા, ફિઝિયોથેરાપિસ્ટ ડૉ શિવાની ઝીંઝુવાડિયા તેમજ સ્પીચ એન્ડ ઓડિયોલોજીસ માલવિકા પરમાર સેવાઓ આપશે. તેમજ આયુર્વેદિક સર્વરોગ નિદાન અને બોડી ચેકઅપ પણ કરી આપવામાં આવશે..

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

# જી-૨૦ની થીમ પર જિલ્લાસ્તરીય અડોસપડોસ યુવા સંસદ યોજાઈ

## નેહરુ યુવા કેન્દ્ર દ્વારા આયોજિત કાર્યક્રમમાં સાંસદ જુગલજી ઠાકોરે ઉપસ્થિત રહી યુવાનોને પ્રોત્સાહિત કર્યા



ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરમાં આજે ભારત સરકારના યુવા કાર્યક્રમ અને રમત ગમત મંત્રાલયના અંતર્ગત નેહરુ યુવા કેન્દ્ર અને સરકારી વિજ્ઞાન કોલેજ, સરકારી વાણિજ્ય કોલેજ અને સરકારી એન્જીન્યરીંગ કોલેજના સયુંકત ઉપક્રમે જિલ્લાસ્તરીય અડોસપડોસ યુવા સંસદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું . આ કાર્યક્રમના મુખ્ય મેહમાન તરીકે રાજયસભા સાંસદ જુગલજી ઠાકોર રહ્યાં હતા અને તેમણે યુવાનોનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર મેયર હિતેશ મકવાણા, વિશેષ અતિથિ સ્થાને એનવાયકેએસ રાજ્ય નિર્દેશક મનીષાબેન શાહ, આચાર્ય મહેન્દ્રભાઈ ભટ્ટ, કે એસ વ્યાસ, શ્વેતાબેન દવે, અંજનાબેન નિમાવત, જિલ્લા યુવા અધિકારી પંકજ મારેચા ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લાસ્તરીય અડોસપડોસ યુવા સંસદ કાર્યક્રમમાં જી-૨૦ અને વાય-૨૦ વિષય પર પ્રોફેસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ, "આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ" વિષય પર પ્રોફેસર કુંજલ સોનીએ તેમના વિચારો રજૂ કર્યા હતા. યુવાનોમાં અદિત્યસિંહ જાડેજા, અનિલ કંબલિયા દ્વારા જી-૨૦, વાય-૨૦ વિષય પર વિચાર રજૂ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં જી-૨૦ની થીમ પર હિમાંશી રાવલ દ્વારા નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૩૦૦થી વધુ યુવાનો ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઋષિકેશ માંડલિયા અને યોગીતાબેન દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એનવાયકેએસ એપીએ મયંકભાઈ રતનોત્તર અને સ્વયંસેવક હાર્દિક મોચી, મંથન શાહ, ભાવિકા, અજય વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

# પેથાપુર ચોકડીથી ફતેપુરા ચોકડી સુધી સ્ટ્રીટલાઈટો બંધ

## છેલ્લા ૨૦ દિવસથી અંધારપટ રહેતા ફરિયાદોનો મારો વધ્યો : વાહનચાલકો માટે હાલાકી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કરોડોનો ખર્ચ ગ્રામીણ અને શહેરી વિસ્તારના વિકાસ માટે ફાળવવામાં આવે છે પરંતુ કેટલીકવાર કોન્ટ્રાક્ટરોની પૈસા ખાવાની નીતિના કારણે ગ્રામીણ વિસ્તારનો વિકાસ થતો નથી અને સરકારી ચોપડે તમામ ગ્રાન્ટ ગ્રામીણ વિસ્તારના વિકાસમાં પૂર્ણ થયેલી બતાવવામાં આવે છે.

ગાંધીનગરમાં પેથાપુરથી ફતેપુરા ચોકડી સુધીની સ્ટ્રીટલાઈટો બંધ રહેતા વાહનચાલકોને હાલાકી પડી રહી છે. છેલ્લા ૨૦ દિવસથી પેથાપુર ચોકડીથી ફતેપુરા તરફ જતા માર્ગ પર અંધારપટ છવાયેલ રહે છે. સ્ટ્રીટલાઈટો છ વર્ષ પહેલા જ નાંખવામાં આવી હોવાનું સ્થાનિક લોકોએ જણાવ્યુ હતુ. રાજયના પાટનગર સ્માર્ટસીટીમાં સમાવેશ પેથાપુરમાં માળખાકિય સુવિધાઓ જ સ્થાનિક લોકો માટે દુવિધાજનક બની રહી છે. પેથાપુરથી મહુડી ચાર રસ્તા સુધીના માર્ગ ઉપર ટ્રાફિકના ભારણને ઘટાડવા માટે માર્ગને ફોરલેન બનાવવામાં આવ્યો છે. જેમાં માર્ગ મકાન વિભાગે પેથાપુર ચોકડીથી ફતેપુરા ચોકડી સુધી સ્ટ્રીટલાઈટો નાંખી હતી. જો કે માર્ગ ઉપર સ્ટ્રીટલાઈટ નાંખવામાં આવતા સ્થાનિક શહેર જેવી સુવિધા મળવાથી સ્થાનિક લોકોમાં ખુશી જોવા મળતી હતી. સ્ટ્રીટલાઈટો બંધ અંગે સ્થાનિક લોકોએ મનપા અને માર્ગ મકાન વિભાગમાં રજૂઆત કરી હતી તેમ છતાં અંધારપટ છવાયેલ રહેતા લોકોમાં તંત્ર પ્રત્યે નિરાશા વ્યાપી રહી છે. આ વિસ્તારમાંથી વાહનોની અવરજવર વધારે રહેતી હોવાના કારણે તાકિદે સ્ટ્રીટલાઈટો ચાલુ કરવામાં આવે તેવી સ્થાનિક લોકોની માંગ ઉઠવા પામી છે. રાત્રિ દરમિયાન અવરજવર કરતા લોકો માટે ભયનો માહોલ છવાયો છે. અંધારપટ રહેતા લોકો બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. સ્ટ્રીટલાઈટના થાંભલાઓ શોભાના ગાંઠીયા સમાન ઘણા દિવસોથી બંધ રહેતા લોકોમાં રોષ પણ છવાયો છે. ચૂંટણી ટાણે મોટા મોટા વાયદાઓ કરતા નેતાઓ પ્રજાના આ પ્રશ્નોનો ઉકેલ તાત્કાલિકપણે લાવી આપે તેવી ઉગ્ર માંગણી ઉઠી રહી છે.